હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આપણા આમંત્રીત તજક્ષ બહેન આપણને વરસાદની સીઝનમાં હવાઇ ગયેલ મમરાને રીસાયકલ કરી અવનવી વાનગી બનાવતા શીખવશે..!!

વંદે ગુજરાત વિકાસ યાત્રા રથનું આજે સેક્ટર -૪ અને સરગાસણમાં આગમન

લોકો દ્વારા રથનો ઉત્સાહથી આવકાર

ગાંધીનગર, તા. ૧૪

સરકારના છેલ્લા બે દાયકાના વિકાસની ઝાંખી કરાવતો વંદે ગુજરાત વિકાસ રથ આજે સવારે શહેરના વોર્ડ નં-૮ના સેક્ટર-૪, ઓમકારેશ્વર મહાદેવ મંદિરે આવી પહોંચ્યો હતો. રથના આગમન પૂર્વે પ્રભાતફેરી, યોગ, વિવિધ સ્પર્ધા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ ભાગ લીધો. આ યાત્રા અંતર્ગત વિવધ કેમ્પના આયોજન થકી મા-કાર્ડ, આયુષ્યમાન કાર્ડ તેમજ નિરામય ગુજરાત અંતર્ગત મેડિકલ ચેક અપ, કોરોના વેકસીન, બીપી અને ડાયાબિટીસની ફ્રી તપાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો સ્થાનિકોએ લાભ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું તેમજ એલઈડી સ્ક્રીન સાથે તૈયાર કરાયેલા રથના માધ્યમથી શહેરીજનોને ગુજરાત વિકાસયાત્રાથી અવગત કરાયા. ત્યારબાદ મહાનુભાવોના વરદહસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલે બાળતંદુરસ્તી, સ્વચ્છતા તેમજ વૃક્ષારોપણ પર માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હિતેશભાઈ મકવાણા કોરોના સંક્રમિત હોવા છતાં તેમણે ટેલીફોનીક શુભેચ્છા પાઠવી હતી.

બપોર પછી શહેરના સરગાસણ વિસ્તારમાં રથનું આગમન થયું હતું. જ્યા પણ લાભાર્થીઓને લાભનું વિતરણ, વૃક્ષારોપણ, કેમ્પ, વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન લોક સંગીતના ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસિદ્ધ લોકગાયક ભીખુદાન ગઢવી અને તેમની ટીમ દ્વારા સંગીતના સૂર રેલાવવામાં આવ્યા હતા. ડાયરાનો આનંદ માણવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોર્પોરેટર રાજેશ પટેલ, છાયાબેન ત્રિવેદી, કૈલાશબેન સુતરીયા અને અમિતભાઈ પટેલ હાજર રહ્યા હતાં.

શહેરના વેપારીનું રૂ.૩.૫૫ કરોડની ઉઘરાણીમાં અપહરણ

ગોડાઉનમાં લઈ જઈ ખુરશી-ખાટલા સાથે બાંધી મુઢમાર મારી, સીગારેટના ડામ દીધા, મોબાઈલ, પર્સ, અને ઘડીયાળ પરત કરી એક શખ્સ ઈન્ફોસીટી મુકી ગયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી સુપરમોલમાં સ્ટીલ-લોખંડના સળીયાનો હોલસેલ વેપાર કરતા વેપારી અને તેના મિત્રને રૂ.૩.૫૫ કરોડની ઉઘરાણી બાકી હોવાથી ૯ વેપારીઓએ અપહરણ કર્યું હતું. અપહરણકર્તા વેપારીઓએ આંખે પાટા બાંધી ફાર્મ હાઉસમાં ખાટલા સાથે બાંધી ગોંધી રાખી ગડદા-પાટુનો માર મારી સિગારેટના ડામ દીધા હતા. ત્યારબાદ વેપારી અને તેના મિત્રને નાટ્યાત્મક રીતે છોડી દેવાયા હતા. સમગ્ર બનાવ અંગે અડાલજ પોલીસ મથકે નિકેતન જાદવે ૯ વ્યકિત સામે ગુનો નોંધવતા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી ૩૨૧-કે સુપરમોલ-૧ સ્થિત લોખંડના સળીયા અને સ્ટીલનો હોલસેલ વેપાર કરતા વેપારી નિકેતન સુરેશભાઈ જાદવ (રહે. બી-૩૦૩ ફેસ્ટીવલ રેસીડેન્સી ફેજ-૨ બાલાજી વિન્ડ પાર્ક વૈષ્ણોદેવી, મુળ રહે.સી-૨૩ પ્લોટ નં.૭૪ ગોરાઈવન બોરીવલી વેસ્ટ મુંબઈ)ને અમદાવાદ સિંધુભવન વિસ્તારમાં આવેલી યલો બિલ્ડીંગમાં રહેતા રામઈસ્પાક કંપનીના અનુજ લક્ષ્મીકાંત શરાફને વેપાર પેટે રૂ.૩.૫૫ કરોડ આપવાના બાકી નીકળે છે. જેને પગલે અનુજ પૈસાની ઉઘરાણી કરતો હતો. જેથી નિકેતન ગત તા.૧૦ જુલાઈના રોજ પ્રોપર્ટી મોર્ગેજ કરવા માટે જમીનના પેપર લઈને અડાલજ વૈષ્ણોદેવી સર્કલ પાસે શંભુ કેફે ખાતે અનુજને મળવા માટે ગયો હતો. ત્યારે અનિકેતન સાથે તેનો મિત્ર અમિત પણ હતો. જયાં અનુજના પિતા લક્ષ્મીકાંત પણ આવ્યા હતા. તેઓએ પ્રોપર્ટી કાગળો બતાવવા માટે રાકેશ પટેલની ઓફિસે જવાની વાત કરી હતી. જેથી બંને મિત્રો નિકેતન અને અમિત અનુજની ગાડીમાં બેસી ગયા હતા. ત્યારબાદ સર્કલ થી ગાડી ગાંધીનગર ઓફિસે જવાની જગ્યાએ કે.ડી. હોસ્પિટલ તરફ વાળી દીધી હતી. જે અંગે પુછતા અનુજે અનિકેતને લાફો મારી ચુપચાપ બેસી રહેવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ ગાડી સેન્ટ્રલ લોક કરી ધમકી આપી સાઉથ બોપલ સાઈડ સહજાનંદ ટ્રેડલીંગ રશ્મિનભાઈના ગોડાઉનમાં લઈ ગયા હતા. જયાં બધાને ઉતારી લક્ષ્મીકાંત એકલા રવાના થઈ ગયા હતા. જયારે ગોડાઉનની ઓફિસની કેબીનમાં લઈ ગયા હતા. જયાં રાકેશ પટેલ અને મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ વાળા યાજ્ઞિકભાઈ, બ્રિસકોન કંપનીના જે.કે.અગ્રવાલ, ગણેશ ટ્રેડલીંકના કનુકાકા, જયોતિ ટ્રેડલીંકના આસિફભાઈ વગેરે હાજર હતા. જે પ્રોપર્ટીના કાગળો લઈ ગયા હતા, તે સાઈડમાં ફેંકી દીધા હતા. ત્યારબાદ બંન્નેના મોબાઈલ, પાકીટ, કાંડા ઘડીયાળ, ગાડીની ચાવી લઈ ગાળાગાળી કરવા લાગ્યા હતા. રાકેશ પટેલે ખેલ ખત્મ કરવાની વાત કરી અમિતને તું પ્રવેજ છે, અમિતે નહી એમ કહી માથાકુટ કરવા લાગ્યા હતા. તે સમયે એમ. એસ. ટ્રેડીંગ વાળા સુનિલભાઈ પણ આવી ગયા હતા. સુનિલભાઈને રૂ.૨.૮૦ લાખ આપવાના નિકેતનને બાકી હોવાથી તેઓએ પણ પૈસાની ઉઘરાણી કરી હતી. જેથી નિકેતને કહ્યું કે હું પૈસા બાબતે આવ્યો છું, અને મને પૈસાની મીટીંગ માટે બોલાવ્યો હતો. તમે મને અહી કેમ ઉઠાવીને લઈ આવ્યા છો. ત્યારપછી યાજ્ઞીકભાઈએ મને હાથપગ તોડી નાંખવાની અને જે.કે.અગ્રવાલે પણ ધમકી આપતા અમે હાથપગ જોડી વિનંતિ કરી હતી. જયારે રાત પડી જતા બંને મિત્રોને અલગ-અલગ કેબીનમાં રાખી ખુરશીમાં હાથ-પગ બાંધી દઈ તમામે વારાફરતી માર માર્યો હતો.જયારે બીજા દિવસે આંખે પાટા બાંધી ઘસડીને ઈકો કારમાં નાંખીને ચાર વ્યકિતઓ કોઈ ફાર્મ હાઉસમાં લઈ ગયા હતા. આ ફાર્મ હાઉસમાં નિકેતનને ખાટલા સાથે તેમ અમિતને ખુરશી સાથે બાંધી દઈ માર માર્યો હતો. જયારે કોઈ શખ્સે સિગારેટના ડામ દીધા હતા. જયારે બીજા દિવસે સુનિલભાઈ આવ્યા હતા, અને તેમણે નિકેતનને કહ્યું હતું કે તેમને આવી હાલતમાં જોઈ શકતો નથી તેમ કહીને પહેરેલ શર્ટ બદલાવી આંખે પાટા બાંધી ગાડીમાં બોપલ લઈ ગયા હતા. અહી નિકેતનને તેની ગાડી આપીને સુનિલભાઈ ઈન્ફોસીટી મુકવા પણ આવ્યા હતા.જયારે બંને મિત્રોના મોબાઈલ, ઘડીયાળ અને પર્સ પણ પરત આપ્યા હતા. વધુમાં નિકેતનને દાવો કર્યો છે કે આ સમયે અનુજ પણ ઈન્ફોસીટી આવ્યો હતો અને આ વાત કોઈને નહી કરવાની ધમકી આપી હતી. જો કે ઈન્ફોસીટી પહોંચીને નિકેતનને તેના ભાઈ મહેશને લોકેશન મોકલી આપ્યું હોવાથી તે પણ આવી ગયો હતો. જયારે ચાંદખેડા પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ પણ નોંધાઈ હોવાથી પોલીસ મથકે જઈને સારવાર માટે સોલા અને ત્યાંથી અસારવા હોસ્પિટલ ગયા હતા.

ગરબી એ મોટો શ્રાપ છે. કારમી ગરીબીથી ઝઝુમતા ગરીબ ગુરબાઓ પેટ ભરવા માટે ભીખ માંગવાનો રસ્તો અપનાવે છે. નાના બાળકો હોય ત્યારે તો તેમના પેટ ભરવા અઘરા થઈ પડે છે. ક્યારેક તો એક ટંક પણ માંડ ખાવાનું મળે છે. વરસાદમાં તો ભીખ મેળવવું પણ અઘરૂ થઈ પડે છે ત્યારે એક માતા જે પણ મળ્યુ હોય તેને પોતાના સંતાનોમાં સરખા ભાગે વહેંચીને ખાય છે અને સંતોષથી જીવન જીવે છે. કદાચ આનુ જ નામ જીંદગી છે.

પુત્રએ મકાન પર કબ્જો જમાવતા પિતાએ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર,તા.૧૪

શહેરના સેકટર-૨ડી માં મનસ્વી રીતે જીવન જીવતા કપાતર પુત્રને પિતાએ મિલકતમાંથી બેદખલ કરી દીધો હતો. ત્યારે પુત્રએ મકાન પર કબ્જો જમાવી દઈને પિતાને મકાનમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપી હતી. જેને પગલે પિતાએ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ડી પ્લોટ નં.૧૬૭૬-૨ ખાતે રહેતા ઘનશ્યામભાઈ આચાર્ય વિધાનસભામાં આસીસટન્ટ લાયબ્રેરીયન હતા. તેઓ વર્ષ વર્ષ૧૯૯૮ માં વય નિવૃત થયા છે. જેમના ચાર સંતાન પૈકી નાના પુત્રનું વર્ષ ૨૦૦૯માં અકસ્માતમાં મોત થતા તેની પત્ની અને પૌત્ર ૮૪ વર્ષિય ઘનશ્યામભાઈ સાથે રહે છે.જયારે મોટા પુત્ર રાજેશના લગ્ન સુરેન્દ્રનગર ખાતે થયા હતા. જો કે રાજેશ તેની પત્નીને મારઝુડ કરતો હોવાથી છેલ્લા ૧૨ વર્ષથી તેની પત્ની દિકરાને લઈને પિયર રહે છે.જયારે ઘનશ્યામભાઈની બે દિકરીના લગ્ન પણ થઈ ગયા છે. રાજેશ મકાનના પ્રથમ મજલે રહીને સ્વછંદી જીવન જીવી રહ્યો છે. જેથી ઘનશ્યામભાઈએ તેને ઘણીવાર સમજાવ્યો હોવા છતા કામધંધો કંઈ કરતો નથી. તે પોતાની મનમાની કરીને પિતા સાથે વર્તાવ કરતો રહે છે. જેથી કંટાળી ઘનશ્યામભાઈએ પુત્ર રાજેશને મિલકતમાંથી બે દખલ કરી કોઈએ કોઈ જાતનો આર્થિક વ્યવહાર નહી કરવા માટે નોટીસ જાહેર કરી હતી. તેમ છતા રાજેશે ઘર પર પોતાનો અડીંગો જમાવી રાખ્યો હતો. ઘનશ્યામભાઈએ પૈસા એકઠા કરી મકાન બનાવ્યું છે. જેથી તે મકાન પર કબ્જો છોડવા રાજેશ તૈયાર નથી, જયારે રાજેશ તેના પિતાને જ તેમના મકાનમાંથી કાઢી મુકવા માટેની ધમકી આપે છે. આખરે વડીલે જિલ્લા કલેકટરને લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ અરજી કરી હતી. જેમાં રાજેશ મકાન પર કબ્જો જમાવી રાખ્યો હોવાનું સાબિત થતા વડીલે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીનો એક ખૂણો સાફ થયો પણ હજુ ઉભરાતી ગટર અને જાંબુનો કચરો તેમજ બીજા ખૂણામાં ગંદકી યથાવત્ રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા આજે માસિક સમીક્ષા બેઠકોમાં વ્યસ્ત રહી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લાની આયુર્વેદ ડિસ્પેન્શરીઓમાં કમ્પાઉન્ડરની ખાલી જગ્યાઓને કારણે દર્દીઓને ભારે હાલાકી પડી રહી છે એટલુ જ નહિ તબીબી અધિકારીને જાતે ઉભા થઈ દવા આપવી પડે છે જેમાં સૌનો સમય વ્યય થાય છે.

● ગાંધીનગર શહેરમાં રોટરી ક્લબના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો.

● દહેગામના ઝાંકથી કડાદરા સુધીના રોડના સમારકામ માટે ઝાંક સરપંચે મામલતદારને પત્ર લખી રજુઆત કરી છે.

● દહેગામની મુખ્ય પ્રા. શાળા નં. ૨ નજીક ભરાયેલા વરસાદી પાણીમાં મજબુરીથી બાળકો પસાર થઈ રહ્યા છે. તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

● ગાંધીનગરના જલુન્દ ગામની મા. શાળાના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ છે.

● સચિવાલય સંકુલમાં આજે ગુરૂવારે મંત્રીમંડળની બેઠક મળી હતી.

● સચિવાલયમાં મુલાકાતીઓ ઓછા હોવાથી મંત્રીઓએ ફાઈલોના નિકાલની કામગીરીને અગ્રતા આપી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં થઈ રહેલા છુટા છવાયા વરસાદને પગલે ગંદકીનું સામ્રાજ્ય જામ્યુ છે. કાદવકીચડ વધવા પામ્યો છે.

પેથાપુરની પરિણિતાએ શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૪

પેથાપુર ખાતે રહેતી પરિણિતાના લગ્નબાદ સાસરીપક્ષના સભ્યો ઘરકામ અંગે મ્હેણા-ટોણા મારીને શારીરીક-માનસિક ત્રાસ આપી, દહેજની માંગ કરી ઝઘડો કરતા પરિણિતાએ પતિ સહિત ૭ વ્યકિત સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર પેથાપુરની યુવતિના લગ્ન રાજસ્થાના ઉદેપુર જિલ્લાના સલુંબર તાલુકાના બામનીયા ગામના લોકેશ સુખદેવભાઈ ઉપાધ્યાય સાથે સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા. લગ્નજીવનથી પરિણિતાને દિકરો ડેવીડ ઉં.-૩ વર્ષનો છે. લગ્ન કરી સાસરીમાં ગયેલી પરિણિતાનું લગ્ન જીવન ત્રણ માસ સારુ ચાલ્યુ હતું. ત્યારબાદ સાસુ અને નણંદ ઘરકામ અંગે વાધા વચકા કાઢી પરિણિતાને મ્હેણાટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. જયારે પતિ દારુ પીવાની ટેવવાળો હોવાથી તે દારુ પીને પરિણિતા સાથે ઝઘડો કરી મારતો હતો. જયારે ઘરખર્ચ માટે પતિ પરિણિતાને તેના પિયરમાંથી રૂપીયા લાવવા માટે કહેતો હતો.જયારે સાસુ પણ તુ ગામડાની છો, દહેજમાં કંઈ આપ્યું નથી તેમ કહી દહેજની માંગ કરતા હતા. જયારે ઉદેપુર ખાતે ભાડાના મકાનમાં રહેવા માટે દંપતિ ગયું હતું. તો પતિ તેને પિયરમાંથી પૈસા લાવીને ઘરખર્ચ તેમજ લાઈટબીલના પૈસા ભરવા માટે કહેતો હતો. ત્યારે પિયરમાંથી પૈસા લાવી ઘર ખર્ચ ચલાવતી હતી તેમ છતા પતિ શારીરીક અને માનસિક ત્રાસ આપતો હતો. જયારે પ્રેગ્નેટ હોવા છતા સારવાર ન કરાવતા હોવાથી પરિણિતા પેથાપુર આવી ગઈ હતી.ત્યારબાદ દિકરાના જન્મબાદ સાસરે ગઈ હતી.તેમ છતા સાસરીના કોઈ સભ્યના સ્વભાવમાં ફેર પડ્યો ન હતો. જયારે પરિણિતાના પિતાએ ઉદેપુર ફેલટ રાખવા માટે રૂ.૨ લાખ આપ્યા હતા તે પરત માંગતા પરિણિતાનો પતિ ગુસ્સે થઈ પરત પૈસા આપવાની ના પાડી હતી. ત્યારબાદ પરિણિતા પેથાપુર આવી ગઈ હતી.જયારે પતિને તેડી જવાનું કહેતા તે ના પાડતો હતો. જયારે ત્રણ માસ અગાઉ પતિ, સસરા, નણંદોઈ, સસરાના મિત્ર રાત્રે એક વાગે આવીને ઝઘડો કરી ગાળો બોલી જતા રહ્યા હતા. જેથી પરિણિતાએ પેથાપુર પોલીસ મથકે પતિ સહિત ૭ વ્યકિત સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાઈ છે.

વરસતો વરસાદ હોય કે ધોમ ધખતો તડકો... પેટ ભરવા માટે તો નાનુ મોટુ કામ કે વ્યવસાય કરવો જ પડે છે. વરસાદની સિઝનમાં આપણે તો રેઈનકોટ કે છત્રી પહેરીને વરસાદથી રક્ષણ મેળવી લઈએ છીએ પરંતુ નાના ફેરીયાઓ અને શ્રણિકોને તો ના છૂટકે વરસતા વરસાદમાં પોતાનો વ્યવસાય કરવો જ પડે છે. શહેરમાં અવારનવાર વરસાદી ઝાંપટા પડી રહ્યા છે ત્યારે શાકભાજી વેચતો યુવાન વરસતા વરસાદમાં ભીંજાઈને પોતાના ગ્રાહકોની રાહ જોઈ રહ્યો છે.

ગુજરાત રાજ્યના પૂર્વ વરિષ્ઠ આઈએએસ અધિકારી વી.એસ. ગઢવી સાથે મુલાકાત

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યના પૂર્વ માહિતી કમિશનર, પૂર્વ વરિષ્ઠ આઈએએસ અધિકારી અને અદાણી ફાઉન્ડેશનના એક્ઝીક્યુટીવ ડીરેકટર વી.એસ. ગઢવી સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની લાગણીસભર મુલાકાત થઈ હતી. ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટી તથા ભાલ નળ કાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ચેરમેન, લોકસેવક, ખેડૂત આગેવાન, જગતાત ફલજીભાઈ રાહાભાઈ ડાભીના પૌત્ર ગોવિંદસિંહ દાજીભાઈ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

જેમની ૧૨૫મી જન્મજયંતી વર્ષની ઉજવણી થઈ રહી છે તેવા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, લોકસંત, ક્રાંતિકારી જૈન મુનિ સંતબાલજી, સ્વાતંત્ર્ય-સેનાની, લોકસેવક, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના નિકટના સાથી સ્વ. મણિલાલ કોઠારી તથા જેમની જન્મશતાબ્દી આગામી ૧ ઓકટોબર ૨૦૨૨ના રોજ છે તેવાં ગાંધી-સર્વોદય મૂલ્યો-વિચારોને વરેલાં પીઢ ગાંધીવાદી, ખાદી-રચનાત્મક ક્ષેત્રનાં આગેવાન, પૂર્વ સાંસદ, આજીવન સમાજ-સેવિકા સ્વ. જયાબેન વજુભાઈ શાહ વિશે સાહિત્ય-લોકસાહિત્યના અભ્યાસુ, સંશોધક, લેખક અને વકતા વી.એસ. ગઢવીએ પ્રેરક અને માહિતીસભર વાતો કહી હતી.

સરકારી શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા 'આપ'ની માંગ

ગાંધીનગર, તા.૧૪

રાજ્યની સરકારી શાળામાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓ પર અત્યારની ઘટનાઓ થઈ હોવાના વિડિયો જેમાં એક વિદ્યાર્થીને નિર્વસ્ત્ર કરીને માર મારવાની અને બીજામાં વિદ્યાર્થીનીનું શોષણ કરવાની ઘટના સર્જાઈ હોવાની બાબતે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત સરકાર પર આકરાં પ્રહારો કરવામાં આવ્યાં છે. આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પરિષદના સદસ્ય રાકેશ હિરપરાએ આજે સુરતમાં આ બંને વિડિયો પત્રકારો સમક્ષ પ્રસ્તુત કરીને સરકારી શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા માંગ કરી છે. રાકેશ હિરપરાએ પત્રકારોને બે વિડિઓ બતાવી પુરાવા આપ્યા હતા જેમાં પહેલા વિડીઓમાં સાફ-સાફ જોઈ શકાય છે આચાર્યની સામે જ ઓફિસમાં એક બાળકને નિવસ્ત્ર કરીને માર મારવામાં આવી રહ્યો છે જયારે બીજા વિડિઓમાં પણ બળજબરીપૂર્વક એક વિદ્યાર્થીનીનું શોષણ કરવામાં આવી રહ્યું છે. બંને વિડીઓમાં આચાર્યની ઓળખાણ વીડિયોમાં દેખાતી વ્યક્તિની હાથની વીંટીઓ દ્વારા સાબિત થાય છે. આ સાથે તેમણે વાલીને ધમકીઓ પણ આપવામાં આવતી હોવાનું જણાવી આવી વિકૃત માનસિકતાવાળા વ્યક્તિને શિક્ષણ જગત સાથે જોડાઈ રહેવાનો કોઈ અધિકાર નથી, તેના વિરુદ્ધ તાત્કાલિક પોલીસ કાર્યવાહી થવી જોઈએ, ફોજદારી કાર્યવાહી થવી જોઈએ, તાત્કાલિક ધોરણે તેને સજા આપવા પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. સીસીટીવી કેમેરા ન હોવાને કારણે આવા અસામાજિક તત્વો ને છૂટો દોર મળી જતો હોય છે તેવું જણાવતાં સરકારી શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાડવા માંગ કરી હતી.

શનિવારે "ભારતમેં લોકતંત્ર ઔર મજહબી ઉગ્રવાદ" વિષયે ગોષ્ઠિનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં સેક્ટર-૨૩ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં આગામી તા.૧૬મી જુલાઈ, શનિવારે સાંજે ૬.૩૦ કલાકે ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્ર દ્વારા "ભારતમેં લોકતંત્ર ઔર મજહબી ઉગ્રવાદ" વિષય પર વિચાર ગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે નવી દિલ્લીના જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલયના પૂર્વ ડીન પ્રો. અશ્વિની મહાપાત્ર ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમમાં અંતે પ્રશ્નોત્તરી દ્વારા શ્રોતાઓ આ વિષયને લાગતી પોતાની જિજ્ઞાસા સમાધાન પણ કરી શકશે. ગાંધીનગરના સર્વ પ્રબુદ્ધજનોને પધારવા આયોજકો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેવું ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના મંત્રી પ્રિતેશભાઈ મોદીએ અખબારી યાદીમાં જણાવ્યુ છે.

માણસા જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા ટીબી નાબૂદી અભિયાન

ગાંધીનગર, તા.૧૪

જાયન્ટસ માણસા દ્વારા એક અનોખો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેને હવે આવનારા ભવિષ્યમાં સરકારી અધિકારીઓ સાથે મળીને એક અભિયાન તરીકે આગળ ધપાવવામાં આવશે.

જાયન્ટસ માણસા, ડૉ. રાકેશભાઈ ગોસ્વામી અને ડૉ. તુષાર એસ. જાની દ્વારા ૬ ક્ષય રોગના દર્દીઓને દત્તક લેવામાં આવ્યા હતા. જેઓને પોષણયુકત આહાર, ફળફળાદિ, કરિયાણું, પ્રોટીન પાવડર અને મલ્ટી વિટામિન ટેબલેટ આપવામાં આવી હતી.

અને જયાં સુધી એમને પૂરેપુરી રિકવરી ના આવે ત્યાં સુધી આ સેવા ચાલુ રહેશે અને એમને ક્ષય રોગ વિશે વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી અને શું શું કાળજી રાખવી એના વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે માણસના સેવાભાવી ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના ટીબી ઓફીસર ડૉ. દિપકભાઈ પટેલ, માણસા તાલુકાના આરોગ્ય અધિકારી અર્બન હલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર તેમજ જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન માણસાના સભ્યો હાજર રહ્યા હતા.

સ્મિત પટેલે પોતાની બહેન માટે કેદારનાથની યાત્રા ખુલ્લા પગે કરી

ગાંધીનગરના ૨૦ વર્ષીય સ્મિત પટેલે કેદારનાથની યાત્રા ખુલ્લા પગે કરી હતી. સ્મિતે જણાવ્યું હતું કે તેણે પોતાની બહેનનું આવનારુ ભવિષ્ય ઉજ્જવળ રહે તેમજ પોતાના પરિવારનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ખુલ્લા પગે આ યાત્રા કરી હતી. ભાઈ બેહેનનો પ્રેમ સમુદ્ર જેવો વિશાળ હોય છે જેનો ઉત્તમ દાખલો પુરો પડયો હતો. રક્ષાબંધન અગાઉ કોઈ પણ બહેનને મળતી આ સર્વશ્રેષ્ઠ ભેટ માની શકાય.

રાંધેજા સહકારી મંડળીના વ્યવસ્થાપક સમિતિના નવા સભ્યોની વરણી

ગાંધીનગર, તા.૧૪

રાંધેજા વિવિધ કાર્યકારી સહકારી મંડળીની વ્યવસ્થાપક સભ્યોની મીટીંગ મળી હતી. જેમાં બળદેવભાઈ, પ્રહલાદભાઈ પટેલ ચેરમેન, હસમુખભાઈ નર્મદાશંકર પંડયા વાઈસ ચેરમેન, પિન્ટુભાઈ પટેલ માનદ મંત્રી, બાબુભાઈ પટેલ ઓડીટર, ૯ જેટલા સભ્યો વ્યવસ્થાપક કમિટીમાં નિમાયા, ૩ સભ્યો કો.ઓ. સભ્ય અને હસમુખ પટેલની મેનેજર તરીકે વરણી કરવામાં આવી હતી.

રાજ્યમાં કોરોનાના ૭૩૭ નવા કેસ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૭૩૭ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન અમદાવાદમાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. રાજ્યમાં આ દરમિયાન કોરોનાની સારવાર બાદ ૬૮૭ લોકો સાજા થયા છે.

રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૫૧ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૧૨ લાખ ૨૫ હજાર ૨૬૩ કેસ નોંધાયા છે.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૨-૨૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૬૫/૨૦૨૨-૨૩	Development of Kolavada Lake at GMC Gandhinagar Under Amrut Sarovar Yojana	રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૮,૪૭,૩૬૫/-
૬૬/૨૦૨૨-૨૩	Development of Randheja Lake at GMC Gandhinagar Under Amrut Sarovar Yojana	રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૮,૧૨,૯૫૬/-
૬૭/૨૦૨૨-૨૩	Pethapur Lake Development work at SUR No. 1598- Amrut Sarovar Yojana	રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૬,૩૧,૫૯૪/-
૬૫/૨૦૨૨-૨૩	Pethapur Lake Development work at SUR No. 2196- Amrut Sarovar Yojana	રૂ. ૧૨૦૦૦/-	રૂ. ૬,૪૫,૯૧૦/-

ટેન્ડર ફોર્મ તા. ૧૫/૭/૨૦૨૨ થી તા. ૪/૮/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર પીની ૨કમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૫/૮/૨૦૨૨ થી ૧૦/૮/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

પ્રી-બીડ મીટીંગ તા. ૨૬/૭/૨૦૨૨ના રોજ ૧૫:૦૦ કલાકે એમ.એસ. બિલ્ડીંગ, પ્રથમ માળ, ગાંધીનગર મહાનગરપાલિકા ઓફીસ ખાતે રાખવામા